વડગામના ધારાસભ્ય અને સ્થાનિક કોંગ્રેસના નેતાઓ વચ્ચે જુથવાદ વકર્યો

પાલનપુર, તા.૭

બનાસકાંઠાની વડગામ વિધાનસભા સીટ પર ઓબીસી એસટી એસસી એકતા મંચના અધ્યક્ષ અલ્પેશ ઠાકોરે અહીં જનતા દરબાર યોજ્યો હતો અને તે પૂર્વે આ ક્ષેત્રના કોંગ્રેસના ધારાસભ્યની કામગીરીનો સર્વે કરવામાં આવ્યો હતો.જો કે સર્વે આમ તો સામાન્ય જનતા એ કરવાનો હતો પરંતુ બંધ બારણે કોંગ્રેસના જ એક સભ્યએ પોતાની જ પાટીના ધારાસભ્ય વિરુધ્ધનો સર્વે જાતે જ કરી નાખતાં રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

વડગામ વિધાનસભા સીટ આમ તો કોંગ્રેસનો ગઢ કહેવાય છે .આ સીટ પર છેલ્લા વર્ષથી કોંગ્રેસનુ શાસન છે.કોંગ્રેસનો ગઢ કહેવાતી આ સીટ પર ૧ એપ્રીલ ના રોજ ઓબીસી એસસી એસટી એકતા મંચના અધ્યક્ષે અલ્પેશ ઠાકોરે જનતા દરબારનુ આયોજન કર્યુ હતુ.જનતા દરબાર પૂર્વે અલ્પેશ ઠાકોર દ્વારા વડગામ વિધાનસભા ક્ષેત્રનો સર્વે કરવામાં આવ્યો હતો.ધારાસભ્યની કામગીરીનો સર્વેના ફોર્મ સામાન્ય જનતાએ ભરવાના હતા એની જગ્યાએ બંધ બારણે આ તમામ ફોર્મ કોંગ્રેસના જ એક સભ્યએ ભરી નાખતા વિવાદ સર્જાયો છે.

જનતા દરબાર પૂર્વે અલ્પેશ ઠાકોર દ્વારા વડગામ વિધાનસભાના ક્ષેત્રના કોંગ્રેસના ધારાસભ્ય મણીભાઈ વાઘેલાની કામગીરીનો સર્વે હાથ ધરવામાં આવ્યો હતો જો કે આ સર્વેના ફોર્મ કોંગ્રેસના જ એક કાર્યકર્તાએ ભરી નાખ્યા હતા અને તમામ ફોર્મમાં એક જ જેવા અક્ષર મળી આવતા સમગ્ર સર્વેનો પર્દાફાશ થયો હતો અને આ સર્વે કોંગ્રેસના જ કાર્યકર્તા બાલકૃષ્ણ જીરાલાએ કરી નાખ્યો હોવાનુ બહાર આવ્યુ છે.પોતાની જ પાટીના ધારાસભ્ય વિરુધ્ધનો કોંગ્રેસના કાર્યકર્તાએ ધારાસભ્યની કામગીરી વિરુધ્ધમાં સર્વે કરાતા પક્ષમાં ગરમાવો આવી ગયો છે.તો બીજી તરફ કોંગ્રેના કાર્યકર્તા બાલકૃષ્ણ જીરાલા હાલ તો આ તમામ આક્ષેપોને નકારી પોતાનો બચાવ કરી રહ્યા છે.

કોંગ્રેસના ધારાસભ્ય વિરુધ્ધ કોંગ્રેસ પાટીના જ સભ્યએ નકારાત્મક સર્વે કરતાં વડગામ વિધાનસભા ક્ષેત્રમાં કોંગ્રેસના જ સભ્યો વચ્ચે ખેંચતાણ શરુ થઈ ગઈ છે.બીજી તરફ પક્ષ વિરુધ્ધ નકારાત્મક સર્વે કરતાં કોંગ્રેસના સભ્ય બાલકૃષ્ણ જીરાલાને પક્ષ તરફથી નોટીસ પણ પાઠવવામાં આવી છે. તો બીજી તરફ ૨૦૧૭ વિધાનસભાની ચૂંટણી પૂર્વે જ કોંગ્રેસમાં વિવાદોનુ વંટોળ ઉભુ થતાં કોંગ્રેસ માટે જોખમરુપ સાબિત થાય તો નવાઈ નહીં.

બાયડ-દહેગામ રોડની હાલત દયનીય, પ્રજા ત્રાહીમામ

બાયડ, તા. ૭

બાયડ-દહેગામ રોડ વર્ષો પહેલા બનાવ્યો હતો ત્યાં રોડ ઉપર મોટે ભાગે ઓવરલોડ ટ્રકો ભરીને જતી હોય છે. તેને કારણે રોડની હાલત દિન-પ્રતિદિન વધુ જોખમી બની રહી છે.

બાયડ થી દહેગામ માત્ર ને માત્ર ૪૫ કિ.મી. હોવા છતાં બાયડ થી દહેગામ જવા માટે ૨- ૦૦ કલાકનો સમયગાળો થાય છે. જો કોઈ દર્દીને ઈમરજન્સી અમદાવાદ કે ગાંધીનગર હોસ્પિટલમાં લઈ જવાનો હોય તો આવવા સમયે રસ્તાના કારણે દર્દીને બહુ સમસ્યા સર્જાય છે. શું સરકાર અને આર.એન્ડ બી ડીપાર્ટમેન્ટ, સ્થાનીક ધારાસભ્યો ક્યારે જાગશે?

પુરાલ ગામની સીમમાંથી ડ્રીપ પાઈપો ચોરાઇ

હિંમતનગર, તા.૭

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના પુરાલ ગામની સીમમાંથી સોમવારે રાત્રે અજાણ્યા શખ્સો ઉમેશભાઈ દેવાભાઈ પટેલના ખેતરમાંથી અજાણ્યા શખ્સો ડ્રીપ પાઈપના રૂા.૪૮ હજારની કિંમતના ૪૮ બંડલ ચોરી કરીને લઈ ગયા હતા. જે અંગે ઉમેશભાઈ પટેલે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

અપહરણના ગુનામાં સંડોવાયેલ શખ્સ પકડાયો

હિંમતનગર, તા.૭

સાબરકાંઠા જીલ્લાના ઈડર પોલીસ .સ્ટેશનમાં વર્ષ ૨૦૧૪માં અપહરણના ગુનામાં સંડોવાયેલ એક શખ્સની એલસીબીએ સોમવારે ધરપકડ કરી તેને ઈડર પોલીસ સ્ટેશનમાં રજુ કર્યો હતો.

આ અંગેની વિગત એવી છે કે વર્ષ ૨૦૧૪માં ઈડર પોલીસ સ્ટેશનમાં અપહરણના ગુનામાં સંડોવાયેલ મહેશસિંહ મનુસિંહ ચૌહાણ (રહે.રણાસણ, તા.ઈડર) ને એલસીબીએ વોચ ગોઠવી નાકાબંધી કરી તેને સોમવારે રાત્રે ઝડપી લીધો હતો. ત્યારબાદ તેને ઈડર પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યો હતો.

ધાનેરામાં ચાલુ ટ્રકના ટાયર નીચેથી બંદૂકની ગોળીની જેમ છૂટેલા પથ્થરે યુવકનું માથું ફાડી નાખ્યું

પાલનપુર, તા.૭

ધાનેરા જૂના બસસ્ટેશન ગંજ રોડ ઉપર પથ્થરો પડેલા છે. જ્યાંથી પસાર થતી ટ્રકના ટાયર નીચેથી બંદુકની ગોળીની જેમ છુટેલો પથ્થર યુવકને વાગતાં તેનું માથુ ફુટી ગયું હતું. જેને તાત્કાલિક સારવાર અર્થે પાલનપુર ખસેડાયો હતો. યુવકને ગંભીર હાલતમાં પાલનપુર ખસેડાયો.

બનાવની વિગત એવી છેકે, સોમવારે સાંજના સુમારે ગંજ રોડ ઉપર અંબિકા શોપીંગ સેન્ટરની રોડ સાઈડની દુકાનમાં થરાદ તાલુકાના ડેડુવા ગામનો શિવાભાઈ વજાભાઈ પટેલ નામનો યુવક સામાન લઈ રહ્યો હતો. તે સમયે ત્યાંથી પસાર થતી ટ્રકના ટાયર નીચેથી બંદુકની ગોળીની માફક છુટેલા પથ્થરના બે ટુકડા થયા હતા. જે એક રિક્ષાને અથડાતાં કાચ તોડી નાખ્યો હતો. જ્યારે બીજો પથ્થરનો ટુકડો ૩૦ ફુટ દુર ઉભેલા શિવભાઈને માથાના ભાગે વાગતાં તેનું માથુ ફોડી નાખ્યું હતું. જ્યાં લોકો દોડી આવીને તાત્કાલિક સારવાર માટે ધાનેરા રેફરલ હોસ્પિટલમાં લઈ ગયા હતા. અને ત્યાં પ્રાથમિક સારવાર આપીને ગંભીર હાલતમાં વધુ સારવાર માટે પાલનપુર ખાતે તાત્કાલિક રીફર કરાયો હતો.

હિંમતનગરમાં વરસાદી પાણીના સંગ્રહ માટે નગરપાલિકા કટિબદ્ધ બનશે

હિંમતનગર, તા.૭

વરસાદી પાણીના સંગ્રહ માટે તમામ લોકોએ જાગૃત બનવુ પડશે તેવી ગંભીર પરિસ્થિતિનું નિર્માણ થવાનું છે ત્યારે હિંમતનગર નગરપાલિકા દ્વારા વરસાદી પાણીના સંગ્રહ માટે નાગરિકોને વિનામૂલ્યે ટેકનીકલ માર્ગદર્શન પુરૂ પાડવાની પહેલ કરી વરસાદી પાણીનો વધુને વધુ સંગ્રહ થાય તેવા પ્રયાસો હાથ ધર્યા છે.

૨૦૦૦ સ્કવેર ફીટના કોમશીયલ બાંધકામોમાં વરસાદી પાણીનું સંગ્રહ કરવું ફરજીયાત

આ અંગે નગરપાલિકાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર ભૂતકાળમાં ભારતના લોકો વરસાદી પાણીનો સંગ્રહ કરીને ભવિષ્યમાં વપરાશ કરી શકતા હતા. પરંતુ વરસાદી પાણીના સંગ્રહ કરવાની આદતો ભુલાઈ જતા વરસાદી પાણી નકામુ વહી જાય છે. પાણીની વિકટ સમસ્યા સર્જાઈ છે ત્યારે વરસાદી પાણીનો સંગ્રહ એક અગત્યનો વિકલ્પ બન્યો છે. હિંમતનગર નગરપાલિકા દ્વારા વરસાદી પાણીના સંગ્રહ માટે વધુને વધુ લોકો જાગૃત બને તે માટેના પ્રયાસો શરૂ કર્યા છે.

વરસાદી પાણીના સંગ્રહ માટે નાગરિકોને વિનામૂલ્યે તકનીકી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવશે

આ અંગે વધુ માહિતી આપતા નગરપાલિકાના પ્રમુખ નીલાબેન પટેલ, કારોબારી સમિતિના ચેરમેન વિમલભાઈ ઉપાધ્યાય, ચીફ ઓફીસર પ્રણવ પારેખ, વોટરવર્કસ સમિતિના મિતેષભાઈ શાહ અને વોટર વર્કસ એન્જીનીયર અશ્વિનભાઈ જોશી સહિતના સદસ્યો તથા અધિકારીઓએ જણાવ્યુ હતું કે હિંમતનગર નગરપાલિકા દ્વારા તમામ કચેરીઓમાં વરસાદી પાણીનો સંગ્રહ કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. નગરપાલિકા દ્વારા શહેરના નાગરિકો પણ વરસાદી પાણીનો સંગ્રહ કરી શકે તે માટે નાગરિકોને જરૂરી માર્ગદર્શન તથા ટેકનીકલ માર્ગદર્શન વિનામૂલ્યે આપવામાં આવશે.

વરસાદી પાણીનો ઉપયોગ કરવા માટે કઈ બાબતોનું ધ્યાન રાખવું

- છતને યોગ્ય બોર્ડર આપવી, છતનું પાણી સીધુ પાઈપમાં જાય તેવી વ્યવસ્થા કરવી
- પાઈપમાં રહેલું પાણી ભૂગર્ભમાં રહેલી ટાંકીમાં જાય તેવું આયોજન કરવું
- સંગ્રહ કરેલા પાણીની યોગ્ય જાળવણી કરવી
- ટાંકીમાં રહેલું પાણી મોટર દ્વારા ઉપયોગમાં લઈ શકાય તેવી વ્યવસ્થા કરવી
- નગરની નાની મોટી નીકોનું યોગ્ય જોડાણ કરવું
- વાણિજય બાંધકામો માટે વરસાદી જળ સંગ્રહ ફરજીયાત

હિંમતનગર નગરપાલિકા દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે તમામ વાણિજય બાંધકામોની પરમીશન ત્યારે આપવામાં આવશે જયારે બિલ્ડર દ્વારા તે માટેની તમામ વ્યવસ્થા કરી ૧૦૦ ટકા ભૂગર્ભ જળનો સંચય કરવાની બાંહેધરી આપવામાં આવશે. ભૂગર્ભ જળના ઉંડા જઈ રહેલા જફ સ્તરોને ધ્યાનમાં રાખીને નગરપાલિકા દ્વારા કરાયેલ નિર્ણયને બિલ્ડર લોબીએ પણ આવકારી છે. ઉલ્લેખનીય છે કે નગરપાલિકાની આ પ્રકારની કટિબદ્ધતાને લઈ પર્યાવરણને પણ મોટો ફાયદો થશે અને આવનાર નવી પેઢી માટે તેની જાણકારી મળી શકશે. જેથી સંકટના સમયમાં પીવાના પાણીની સમસ્યા નિવારી શકાશે.

મેસણ ગામેથી બંધ મકાનમાંથી ૧.૪૯ લાખની ચોરી થતા ફરિયાદ

હિંમતનગર, તા.૭

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના મેસણ ગામે આવેલ એક બંધ મકાનમાંથી સોમવારે અજાણ્યા શખ્સો સોના-ચાંદીના દાગીના તથા રોકડ મફી રૂા.૧.૪૯ લાખની મત્તાની ચોરી કરી લઈ જતા તે અંગે મકાન માલિકે સોમવારે ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની વિગત એવી છે કે મેસણ ગામે રહેતા જશુભાઈ પશાભાઈ પંડયાના મકાનના પાછફના ભાગેથી દરવાજો તોડી અજાણ્યા શખ્સોએ ઘરમાં પ્રવેશ કરી પતરાની પેટીમાં મુકેલ રૂા.૪૦ હજારની બે સોનાની ચેઈન તથા રૂા.૧.૧ લાખ રોકડ, ચાંદીના દાગીના રૂા.૮ હજારના કડા મફી રૂા.૧.૪૯ લાખની મત્તાની ચોરી કરી જતા જશુભાઈ પંડયાએ અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

પ્રાંતિજ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૨૯મો પાટોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ બજાર ચોક વિસ્તારમાં આવેલ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે મંદિરમાં બિરાજમાન દેવોનો ૧૨૯મો ત્રિદિવસીય પાટોત્સવ ધામધૂમથી યોજાયો.

શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ તથા પ્રાંતિજ મંદિરમાં બિરાજતા મહાપ્રતાપી ઘનશ્યામ મહારાજ તથા ધમદેવ ભક્તિ માતા મહારાજ અને રાધા-કૃષ્ણ દેવની કૃપાથી અને નરનારાયણ દેવ દેશ કોશલેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞાથી અને વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજની અમી દૃષ્ટીથી પ્રાંતિજ મહંત શાસ્ત્રી સ્વામી શ્રી પ્રાણજીવનદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન દેવોનો ૧૨૯મો વાર્ષિક ત્રિદિવસીય પાટોત્સવ યોજાયો હતો. જેમાં ધર્મપ્રેમી લોકોએ ત્રિદિવસીય કાર્યક્રમનો લાભ લઈને કથા સહિતનો ધાર્મિક લાભ લઈ ધન્યતા અનુભવી હતી. જ્યારે કથાના વક્તા શ્રી શાસ્ત્રી સ્વામી ગોપાલજીવનદાસજી દ્વારા કથાનું રસપાન કરાવવામાં આવ્યું હતું. અને ત્રીજા દિવસે ધર્મપ્રેમી ભાઈ-બહેનોએ ભોજન સ્વરૂપ પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી.

મેઘરજમાં અસહ્ય ગરમીને લીધે બંધ મકાનમાં ફ્રિઝ ફાટ્યુ

મેઘરજ નગરમાં દરજી ફળીમાં મોટો વિસ્ફોટ મકાનનો ચારે રૂમની દિવાલો તથા છત કાળીભમ્મર થઈ ગઈ : સદનસીબે જાનહાની ટળી

મેઘરજ, તા. ૭

મેઘરજમાં દરજી ફળીમાં પ્રાઈવેટ ડેરી ચલાવતા દુકાનદારને ત્યાં સાંજે મોટો વિસ્ફોટ સાથે ફ્રિજ ફાટ્યું હતું. જે સમયે પરિવાર બાળકો સાથે દુકાને હોઈ મોટી દુર્ઘટના ટળી હતી.

પ્રાપ્ત વિગત મુજબ મેઘરજ નગરમાં યુ.પી.ના ચંદ્રપ્રકાશ પંડિત ૧૭ વર્ષથી પરિવાર સાથે વસવાટ કરે છે અને પ્રાઈવેટ દૂધ ડેરીની દુકાન ચલાવે છે. સોમવારની સાંજે ૭ વાગ્યાની આસપાસ તેમનો પરિવાર મકાન બંધ કરી તેમની દુકાને ગયા હતા. તે અરસામાં તેમના દરજી ફળીમાં આવેલા મકાનમાં મોટો વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટનો અવાજ સાંભળીને ફળીના રહીશ એકત્રિત થઈ મકાન માલિક ચંદ્રપ્રકાશ પંડિતને દુકાને જાણ કરી ઘરે બોલાવ્યા હતા. પંડિત તથા પરિવાર ઘરે આવતા તેમના મકાનમાંથી નિકળતા ધુમાડા જોઈ હચમચી ગયા હતા. ત્યારબાદ સોસાયટીના રહીશો પાછળની બારીનો કાચ તોડીને ધુમાડો ઓછો થયા બાદ મકાનનો દરવાજો ખોલી અંદર પ્રવેશ કરી જોતા ઘર વપરાશનું ૧૭૫ લીટરનું રેફ્રિજરેટરના ટુકડે ટુકડા થઈ ગયા હતા. તે જોઈ સમય સૂચકતા વાપરી મકાનમાંથી એક એલ.પી.જી. સિલેન્ડર અને વેચાણ માટેનું ઘી તથા ગાદલા તેમજ જ્વલનશીલ ચીડવસ્તુઓ બહાર કાઢી લીધી હતી. જ્યાં મકાનમાં ચારે રૂમોની દિવાલો અને છત કાળીભમ્મર થઈ ગઈ હતી. કિચનમાં ઘરવપરાશની તમામ ચીજવસ્તુઓ બળીને ખાખ થઈ ગઈ હતી. જેમાં મીક્ષર, ઘડિયાર, કુલર ઘરઘંટી, પલંગને નુકશાન થયું હતું.

ઘર માલિકે જણાવ્યું હતું કે ખુબજ ગરમી પડી રહી છે જેના કારણે આ વિસ્ફોટ થયો છે. અને આ વિસ્ફોટ દરમ્યાન તેમનો પરિવાર બાળકો સાથે મકાન બંધ કરીને દુકાને આવ્યો હતો જેથી મોટી દુર્ઘટનામાં જાનહાની ટળી હતી.

પાલનપુરમાં કેમિકલથી પકવાતી કેરીઓ

ફૂડ વિભાગની મિલીભગતથી ચાલતો કેરીનો કાળો કારોબાર : પ્રજાના આરોગ્ય સાથે ચેડાં કરી કેરી માફિયાઓ બેફામ છે

પાલનપુર, તા.૭

બનાસકાંઠા ના મુખ્યાલય પાલનપુરમાં કેરીઓને કેમિકલ થી પકવી લોકો ના આરોગ્ય સાથે જીવલેણ ખેલ ખેલી રહ્યા છે. સ્પષ્ટપણે ફૂડ વિભાગની કેરી માફિયાઓ સાથેની મિલીભગત સ્પષ્ટ થાય છે. ઉનાળાની સીઝનમાં બનાસકાંઠાનો ફૂડ વિભાગ નિષ્ક્રિય રહેવાને પગલે જીલ્લામાં ભયાનક ફૂડ પોઈઝનિંગના બનાવ બન્યા છે. જોકે ફૂડ વિભાગ ધ્વારા કોઈ પણ જાતની કાર્યવાહી થઈ હોવાનું જાણવા મળ્યું નથી. જિલ્લાનું મુખ્યાલય પાલનપુરમાં જીવલેણ કેરીના માફિયાઓ માટે સ્વર્ગ સમાન છે. કેમિકલ અને કારબાઈડથી પકવાતી કેરીઓ જન આરોગ્યને ભંયકર નુકસાન કરતા હોવા છતા ફૂડ વિભાગને જન આરોગ્યની દરકાર નથી.

જયારે તાજેતરમાં જિલ્લા આરોગ્ય વિભાગ ધ્વારા કેરીઓ પર રેડ નામનું નાટક ભજવાયું હતું. તંત્રની મિલીભગતથી આવા કેરી માફિયાઓ જન આરોગ્ય સાથે ચેડાં કરી લોકોના ખિસ્સા ખંખેરી રહ્યા છે. ત્યારે જિલ્લાના નવા આવેલ કલેક્ટર કડક પગલાં લઈ કેરી માફિયા અને ફૂડ વિભાગની સાન ઠેકાણે લાવે એ જરૂરી છે. ફોટામાં સ્પષ્ટ જોઈ સકાય છે કે લોક આરોગ્ય સાથે ચેડાં કરતા કેરી માફિયા કેટલા બેફામ બની કેમિકલયુક્ત કેરી બનાવી જનતાને કેન્સરના કબજામાં સોંપી રહ્યા છે.

તલોદમાં સામાન્ય બાબતે ઝઘડો થતાં ધિંગાણું ખેલાયું : બે વાહનોની તોડફોડ કરાઇ

હિંમતનગર, તા.૭

સાબરકાંઠા જીલ્લાના તલોદના અંબાજી ચોકમાં આવેલ અંબિકા ડેરી પાસેના જોગણીમાતાના મંદિર આગફ રવિવારે સામાન્ય બાબતે થયેલો ઝઘડો ધિંગાણામાં પરિણમ્યો હતો. જેમાં બે જણાને ઈજા થઈ હતી તથા રીક્ષા અને કારને નુકશાન પહોંચાડતા તે અંગે સોમવારે બંને પક્ષોએ મફી ૩૧ વિરૂધ્ધ તથા ૨૫ માણસના ટોફા વિરૂધ્ધ તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે ચંદુસિંહ કાકુસિંહ રાઠોડના પડોશીના છોકરા ચિરાગ સાથે શંકરભાઈ બોલાચાલી કરતા મામલો બિચકયો હતો. જેથી ચંદુસિંહે ઝઘડો કરવાની ના પાડતા ૧૨ જણા તથા અન્ય ૨૫ ના ટોફાએ આવી ગેરકાયદે મંડફી રચી મારક હથિયારો સાથે હુમલો કરી સુરેશસિંહને ઈજા પહોંચાડી હતી. તેમજ ઈકો કારના કાચ તોડી નાખી નુકશાન પહોંચાડી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા ચંદુસિંહ રાઠોડે ૧૨ સહિત ૨૫ના ટોફા વિરૂધ્ધ તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

બીજી તરફ આજ મામલે પરબતસિંહ શંકરસિંહ ઝાલાએ ૧૯ જણા વિરૂધ્ધ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યુ હતું કે દલપતસિંહ ડાહયાસિંહ ઝાલા પરબતસિંહ ઝાલાના ઘરે ઝઘડા બાબતે કહેવા જતા તેઓએ એકસંપ થઈને લોખંડની પાઈપોથી એક જણાને ઈજા પહોંચાડી રીક્ષાના કાચ તોડી નાખ્યા હતા. જેથી તે અંગેની ફરિયાદ તલોદ પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

પ્રાંતિજના રસુલપુરમાંથી બે પશુઓની ચોરી

પ્રાંતિજ તાલુકાના રસુલપુર ગામેથી ગઈ રાત્રીએ અજાણ્યા પશુચોર દ્વારા બે પશુઓની ચોરી કરી લઈ જતા પશુ માલિક દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા પશુચોર વિરૂદ્ધ ફરીયાદ કરાવી હતી.

પ્રાંતિજના રસુલપુર ગામે ફરિયાદી ભલજી ચંદુજી ચૌહાણના ઘર આગળ બે ભેંસો ખીલા સાથે બાંધેલ હતી. જેમાં એક ભેંસની કિંમત ૪૦ હજાર અને બીજી ભેંસની કિંમત ૩૦ હજાર મળી કુલ કિંમત ૭૦ હજારની કિંમતના પશુઓ કોઈ અજાણ્યા ચોર ઈસમો દ્વારા રાત્રીના સમયે ચોરી કરીને લઈ જતાં પશુ માલિક ભલજી ચંદુજી ચૌહાણ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરતાં પ્રાંતિજ પોલીસે પશુ માલિકની ફરિયાદના આધારે અજાણ્યા પશુ ચોર વિરૂદ્ધ ફરિયાદ લખીને આગળની તપાસ હાથ ધરી છે.

પ્રાંતિજ ખાતે પાટીદાર અનામત આંદોલન સમિતિ દ્વારા આવેદનપત્ર આપ્યું

પાટીદાર સમાજના પ્રશ્નોના ત્વરિત ઉકેલ લાવવા માટે આવેદનપત્ર આપ્યું

પ્રાંતિજ તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પાટીદાર અનામત આંદોલન સમિતિ દ્વારા પ્રાંતિજ તાલુકા સેવા સદન ખાતે આવીને નાયક મામલતદાર ડી.એલ. રાઠોડને આવેદનપત્ર આપ્યું.

છેલ્લા ૧૦ મહિનાથી પાટીદાર સમાજ દ્વારા અનામતની માંગને લઈને અહિંસા રીતે આંદોલન ચલાવી રહ્યા છે અને સરકાર દ્વારા આપેલ ૧૦ ટકા અનામતને વ્યાજબી ન ગણી આંદોલન યથાવત રાખ્યું છે. ત્યારે હાર્દિક પટેલ સહિતના જેલમાં રહેલ પાટીદારોને જેલ મુક્ત કરો આંદોલન દરમ્યાન મૃત્યુ થયેલા પાટીદારોના પરીવારોને ૧૫ લાખનું આર્થિક વળતર અને અનામત આંદોલન સમિતિ દ્વારા કરવામાં આવતાં અહિંસા કાર્યક્રમોને મંજુરી આપવી તથા બિનજરૂરી રીતે ૧૪૪ની કલમ દુર કરવા સહિતની માંગ સાથે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું જેમાં પાટીદાર અનામત આંદોલન સમિતિ પ્રાંતિજ તાલુકાના કન્વીનર અનીલભાઈ એ.પટેલ, રીતેષભાઈ આર. પટેલ, સંજયભાઈ પટેલ સહિત પાટીદારો ઉપસ્થિત રહીને જય સરદારના નારા સાથે પ્રાંતિજ નાયબ મામલતદાર ડી.એલ. રાઠોડને આવેદન પત્ર આપીને ઊપર સુધી પહોંચાડવા અપીલ કરી હતી